
# યરુશાલેમના ગરીબ વિશ્વાસીઓને ગ્રીસના વિશ્વાસીઓએ મદદ કરી

## જ્યાં રહે છે ત્યાંના લોકોની જરૂરિયાતો પૂરી પાડવાનું બાળકોને શીખવો



**પ્રાર્થના :** પ્રિય પ્રભુ, જરૂરિયાતવાળા લોકોને મદદ કરવાના કાર્યમાં અમે સાથે મળીને કાર્ય કરીએ ત્યારે અમને ડહાપણ અને ઉદારતા આપો.

બાળકોની ઉંમર તથા જરૂરિયાતો પ્રમાણેની બાળ પ્રવૃત્તિ પસંદ કરો.

કોરીંથ નિવાસીઓએ કેવી રીતે ખ્રિસ્તમાં ભાઈબહેનોને મદદ કરી તે વિષે કોઈ મોટું બાળક કહે.

**પશ્ચાદ્ભૂમિકા :** પાઉલ મિશનેરી કાર્ય કરતો હતો ત્યારે દુકાળના કારણે યરુશાલેમના વિશ્વાસીઓ ભૂખે મરે છે તેવું તેણે સાંભળ્યું તેણે અન્ય સ્થાનના લોકોને તેમની મદદ કરવા જણાવ્યું, તેમનો, દાન કાર્યક્રમ મોટા હતો અને ઘણી મંડળીઓએ તે માટે દાન એકત્ર કર્યું. યરુશાલેમના ભૂખે મરતા વિશ્વાસીઓને મદદ પહોંચાડવા માટે તેમણે યોગ્ય વ્યક્તિઓને પસંદ પણ કર્યા.

૧ કોરંથી ૧૬ : ૧ થી ૪ વાંચો : દાન ઉઘરાવવા માટે પાઉલે કોરીંથના વિશ્વાસીઓને શું લખ્યું તે જણાવો.

- ગરીબો માટે કોરીંથ સિવાયની અન્ય મંડળીઓએ શું આપ્યું ? (ઉત્તર માટે કલમ ૧)
- વિશ્વાસીઓએ કઈ રીતે દાન આપ્યું ? (કમલ ૨)
- શું વિશ્વાસીઓએ એક સાથે દાન આપી દીધું ? (કલમ ૨)
- નાણાં મોકલવાની બાબતમાં મંડળીએ શી કાળજી રાખી ? (કલમ ૩)
- પાઉલના મતે આ દાનનું મહત્વ શું હતું ? (કલમ ૪, પાઉલ નવી મંડળીઓની સ્થાપવામાં વ્યસ્ત હતો. પણ યરુશાલેમના દુઃખી લોકોની વ્યવસ્થા કરવામાં તેણે સમય કાઢયો અને દાનોની યોગ્ય વ્યવસ્થા કરી)

પોતાની દાનની ટહેલને વિશ્વાસીઓ કેવો પ્રતિભાવ આપતા હતા તે વિષે પાઉલે કોરીંથીઓને શું કહ્યું ?

- પાઉલે તેમને બીજો પત્ર લખીને જણાવ્યું કે ઘણા વિશ્વાસીઓ કેવી રીતે ઉદારતાથી આપતા હતા/. ( ૨ કોરંથી ૮, ૧-૭,૧૦-૧૭ અને ૧૯-૨૧)
- ઉત્તર ગ્રીસના નાનકડા ભાગમાં રહેતા મકદોનિયાના વિશ્વાસીઓએ કેવી રીતે બલિદાનપૂર્વક દાન આપ્યું ?
- મકદોનિયાના ગરીબ વિશ્વાસીઓએ પ્રેરિતોને દાન આપવા દેવાની વિનંતી કરી.
- કોરંથના વિશ્વાસીઓએ પ્રેરિતો યરૂશાલેમ પહોંચાડે તે માટે દર સપ્તાહે આવક કે કમાણીમાંથી કાંઈક બચાવી રાખ્યું.
- કોઈ શંકા ન રહે તે માટે કોરીંથની મંડળીને દાન લઈ જવા માટે બે નામ પસંદ કરવાનું પાઉલે કહ્યું.
- દાનનો ઉદ્દેશ માત્ર ભૂખ્યા લોકોને પોષણ આપવાનો જ ન હતો. પણ ઈશ્વરનો મહિમા કરવાનો હતો.

''મહાન દાન'' વાર્તાનું નાટક ભજવો. તેમાં મોટા બાળકો નાનાને મદદ કરે.

ભજન સેવા દરમ્યાન આ **નાટક ભજવવા**નું આયોજન કરો.

- મોટેરાં ઉદ્ઘોષક, પાઉલ, તીતસ અને શત્રુની ભૂમિકા કરે.
- ઉદ્ઘોષક વાર્તાનું વર્ણન કરે અને બાળકોને યાદ રાખવામાં મદદ કરે.
- કોરીંથીઓ પાસે સિક્કા કે ચલણી નાણું દાન માટે હોય.

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ બોલો ( ૧ કોરંથી ૧૬ : ૧-૪)
પછી કહો - યરુશાલેમના લોકો શું કહે છે તે સાંભળો.

**ગરીબ લોકોં** : ''પાક નિષ્ફળ ગયો છે. એકાદ વરસમાં તો અમે મરી જઈશું પ્રભુ અમારી મદદ કરો.''

**ઉદ્‌ઘોષક** : તે જ સમયે દૂર દૂર કોરીંથમાં પાઉલ વિશ્વાસીઓને શું કહે છે તે સાંભળો.

**પાઉલ** : યરુશાલેમના ભૂખે મરતા લોકોને આપણે મદદ કરવી જોઈએ. દર અઠવાડિયે કમાણીમાંથી થોડું બચાવો અને રવિવારે પ્રભુના ઘરમાં લાવો થોડા સમય પછી હું દાન લેવા આવીશ.

**ઉદ્‌ઘોષક** : હવે ખ્રિસ્તના શત્રુઓ તેના દુષ્ટ સહાયકોને શું કહે છે તે સાંભળો.

**શત્રુ** : ના, ના, આ મંડળીઓ તો એકબીજાને સહકાર આપે છે ! તેમને સાથે મળીને કામ કરતા રોકવા જોઈએ તેઓ તો મદદ માટે ઘણું બધું આપી દે છે ! આપણે તેમને નિરાશ કરવા જોઈએ.

**કોરંથીઓ** : દાનપેટી ફેરવો અને કહો

દર અઠવાડિયે થોડી મદદ કરી શકાય છે તે માટે હું ખુશ છું. મેં મરઘીના દરેક ઈંડાને રોજ બચાવ્યું અને તેની કિંમત આ છે. મેં કેટલીક ચાદર બનાવીને વેચી દાન લાવ્યો છું.

**શત્રુ** : ગુસ્સામાં પગ પછાડીને કહે, ''મોટું દાન આપતા રોકવા આપણે નિષ્ફળ ગયા છીએ. તેથી આપણે તેમને દાન માટે બેદરકાર બનાવીશું દાન લઈ જનારા માટે શંકા ઊભી કરીશું તેઓ ચોરી કરતા હશે ?

**કોરંથીઓ** : બે જણાને બતાવીને કહો, ''તમે બે જણ દાનની વ્યવસ્થા કરજો. તમે તે દાન યરુશાલેમ લઈ જશો એવો અમારો વિશ્વાસ છે અને જે કાંઈ તમને આપીએ તેનો કાળજીપૂર્વક હિસાબ રાખજો.

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજો ભાગ કહો. ઘણા સમય પછી પાઉલે મકદોનિયાની મુલાકાત લીધી. હવે મકદોનિયાના લાકોૈ શું કહે છે તે સાંભળો.

**મકદોનિયાના લોકો :** ભાઈ પાઉલ, તમે જણાવ્યું હતું તે યરુશાલેમમાં આપણા ભાઈઓ ભૂખે મરે છે. અમે ગરીબ જરૂર છીએ પણ મદદ કરવાની અમારી પણ ઈચ્છા છે.

કોરંથીઓની જેમ અમે પણ ''મહાન દાન'' આપવા દો.

**પાઉલ** : તમારા બલિદાન તથા ઉદારતાને પ્રભુ આશીર્વાદ આપો. તમારું દાન લઈ જવા માટે હું તીતસને મોકલીશ

**ઉદ્‌ઘોષક** : તીતસે પણ કોરીથની મુલાકાત લીધી તે શું કહે છે ?

**તીતસ** : તમામ મંડળીઓએ આરંભ કરેલ આ કાર્યક્રમનો અંત હવે ખુશીથી કરો. અન્ય વિશ્વાસી ભાઈઓના દાન સાથે હું અહીં આવ્યો છું. યરુશાલેમાં દાનો લઈ જવા મારી સાથે આવનારા માણસો તૈયાર છે.

**કોરંથીઓ** : યરુશાલેમના લોકો, મદદ કરવા અમારો ભાગ ભજવવા અને તૈયાર છીએ. આ બે માણસો વિશ્વાસુ છે તેઓ તમારી સાથે જશે (ગરીબો પાસે જાઓ અને તેઆએ ભેટો આપો)

**ગરીબો** : ઈશ્વરનો આભાર હવે આપણે ભૂખે મરીશું નહિ.

**શત્રુ** : અમે નિષ્ફળ ગયા ! તેમણે દાનનો સદુપયોગ કર્યો અને શંકા પણ કરી નહિ.

આ અભ્યાસના આરંભમાં જે સવાલો છે તે બાળકો વડીલોને પૂછે. પ્રભુની સેવામાં મડંળીઓ આવા બીજા ક્યા કાર્યક્રમો કરી શકે ? ચર્ચા કરો.

બાળકો આવક - જાવકના હિસાબોની નોટ તૈયાર કરે.

- ''આવક''ના શીર્ષક નીચે એવી વસ્તુઓના નામ લખો કે જે વેચીને ગરીબોને દાન આપી શકાય.
- ''જાવક'' ના શીર્ષક નીચે એવી વસ્તુઓના નામ લખો જે તમે ગરીબો માટે ખરીદી શકો.

નાના બાળકો સિક્કાવાળાહાથનું ચિત્ર દોરે (નમુનો જુઓ)

- ભજનના સમયે બાળકો વડીલોને બતાવે કે મંડળીઓ કેવી રીતે જરૂરિયાતવાળા લોકો માટે ડહાપણ તથા ઉદારતાની કાર્ય કરી શકે.

૧ કોરંથી ૯ :૬, **મોઢે કરો.**

**ગીત.** ચાર બાળકો નીતિ ૨૪ :૩-૬ કલમો બોલે

**પ્રાર્થના :** પ્રભુ, અમને ઘણી સારી વસ્તુઓ આપે અમે તે ગરીબોને અને તમારુ વચન દૂર દૂર સુધી લઈ જનારાઓને આપવવા માંગીએ છીએ અમારા નાણાંથી સાથે મળીને તમને માન આપવામાં અમારી સહાય કરો.

Copyright@2004 Paul - Timothy May be freely copied.
Download from www.paul-timothy.net